ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

કથા જુદી; કથાનો સાર જુદો છે,
જુદી છે વાત ને વ્યવહાર જુદો છે.
વજન જુદો છે ટચલી આંગળી પરનો,
ખભા પર ઊંચકેલો ભાર જુદો છે.

- હર્ષદ સોલંકી

### પાથેય

- રમેશ ઠક્કર

## વ્યથાઓની કથા

'મહાભારત' એટલે કથાનો મહાસાગર. સ્વાર્થની કથા. પુરૂષાર્થની કથા. માનવજાતની વ્યથા એવું કહેવાય છે કે સંસારમાં બનતી એવી કોઇ ઘટના નથી જેનું વર્ણન આ ગ્રંથમાં ના હોય. માણસની લીલા સ્વાર્થ અને વેરઝેર કે અનુકંપા નું ગજબનું આલેખન એમાં છે.

જેમ હિમાલય નિત્ય નૂતન સ્વરૂપે સદીઓથી અણનમ રહ્યો છે એમ 'મહાભારત' પણ સમયને અતિક્રમી હંમેશાં માનવીય સ્પંદનો ને શાશ્વતપણે સાચવી અડીખમ છે એ એક વિરાટકાવ્ય છે. મહાન ગાથા છે.

ભીષ્મ, દ્રૌપદી , ગાંધારી, કુંતી, ધૃતરાષ્ટ્ર, કૃષ્ણ, કર્ણ, અર્જુન, અભિમન્યુ કે વિદુર જેવાં પાત્રોનું અહીં અજાયબ વિશ્વ છે. દરેક પાત્ર ઉદાત્ત છે. જીવનરસથી ભરપૂર છે. મહાભારતનાં પાત્રોનો જીવનરસ એ અભ્યાસનો વિષય છે.

સૌથી ખલપાત્ર દુર્યોધન તમામ રીતે હારી ને..ભીમથી ભાગીને એક તળાવમાં પોરો બની સંતાઇ જાય છે ત્યારે ભીમ અને તેના સાથીઓ તેને બહાર આવવા લલકારે છે. દુર્યોધન એ પડકારને વીરતાપૂર્વક સ્વીકારે છે અને કહે છે કે તમે એક પછી એક મારી સાથે લડવાનું સ્વીકારો તો હું બહાર આવું. સર્વસ્વ હારી ગયેલ દુર્યોધનની આ પ્રચંડ જિજીવિષાને કવિએ અદભુત બહેલાવી છે. દુર્યોધનનો જીવનરસ આપણને સ્પર્શી જાય છે. આપણે એના ખલપણાને ઘડીભર ભુલી જઇએ છીએ. ભગવાન વેદવ્યાસની આ જ મજા છે.

ઈ.સ.પૂર્વે ૩૧૨૬ વર્ષ દરમિયાન લખાયેલ આ ગ્રંથ હજુ તાજો જ લાગે છે. એના કુલ એક લાખ શ્લોકો છે. જેમાં 'ભગવદગીતા' પણ આવી જાય છે. જે ભીષ્મપર્વમાં આવે છે. જેના સાતસો શ્લોકોમાં કૃષ્ણ-અર્જુન સંવાદ, ફળની આસકિત ત્યજી ને કર્મ કરવાનો અદભુત સંદેશ રજુ કરે છે. ગીતા એ સમગ્ર કથાનો અર્ક છે.

ભારતીય સાહિત્યમાં કથાનકો અનેક છે પણ 'અથશ્રી મહાભારત કથા' શિરમોર છે. અહિં યુધ્ધ છે. છળ છે. કપટ છે. શૌર્ય છે સ્વાર્પણ છે. પ્રતિજ્ઞા છે, ઈચ્છા મૃત્યુ છે. લાક્ષામહેલ છે, તો બાણશૈયા પણ છે. છેવટે બધું ગુમાવીને ફકત પોતાના કૂતરા સાથે સ્વર્ગારોહણ કરતા યુધિષ્ઠિરની નિયતિ એ જીવનનું સત્ય છે જેને કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ પોતે કથાનું એકપાત્ર બની ચોટદાર રીતે રજુ કરે છે. માનવજાતની નિયતિને આટલી અદ્ભૂત રીતે અન્ય કોઇ ગ્રંથમાં વર્ણવેલી જોઇ નથી.

મહાભારત એ ભવ્ય ભારતનો મોંઘેરો પટારો છે. જેમાં અવનવી વાતોનો ખજાનો પડેલો છે. જેને કાળ ગ્રસી શકયો નથી. બદલાતી રૂચી કે પરિવર્તનનો પવન બદલી શકતો નથી. પ્રત્યેક જમાને આ પ્રસંગો માણસને પોતીકા લાગે છે. રોમાંચક લાગે છે. સદૈવ નવા લાગે છે.

# ઐતિહાસિક ચુકાદાને મુસ્લિમ સમાજે આવકારવો જોઈએ

**તંત્રીસ્થાનેથી...**

બનાસકાંઠાની એક અદાલતે દુખિયારી મુસ્લિમ યુવતી પર 'તલાક' રૂપી ત્રાસ ગુજારનાર ભણેલા ગણેલા અને સરકારી નોકરી કરતા કલાસ-ટુ અધિકારીને કાનૂન મુજબની સજા ફટકારીને દાખલો બેસાડયો છે. એ ટ્રિપલ તલાક નાબૂદ કરતા કાયદા પછીનો પહેલો ચુકાદો હોઈ સીમા ચિહ્નરૂપ છે. ન્યાયાધીશ દરજી અને ન્યાય મેળવનારી યુવતી બેઉ અભિનંદનનાં અધિકારી છે. યુવતીએ હિંમત કરીને અદાલતના દરવાજા ખખડાવ્યા અને એને ન્યાય પણ મળ્યો. એણે આ ન્યાય બદલ મોદી સરકારનો આભાર માનતું નિવેદન પણ કર્યું છે. જો સરકારી અધિકારી જ સરકારે ઘડેલા કાયદાનું ઉલ્લંઘન કરીને પરંપરાથી ચાલી આવતી ઘૃણાસ્પદ રીતરસમ મજબ પરણેત્તર પર ત્રાસ ગુજારવાની હિંમત કરતો હોય તો સામાન્ય નાગરિકને એ કાયદો શી અસર કરવાનો ? કોઈ પણ દેશની પ્રજાએ એના 'લૉ ઓફ ધિ લેન્ડ'નો અમલ કરવાનો રહે છે. ભારતમાં પહેલાંથી સામાજિક રિવાજ અને પરંપરાગત જીવનશૈલી વધારે પ્રભાવક રહ્યાં છે. તેથી 'હિંદુ મેરેજ એકટ' અમલમાં આવેલ હોવા છતાં એને ઘોળીને પી જવાના કિસ્સા અવારનવાર બનતા રહે છે. પુત્ર સંતાન નહીં થવાના બહાના હેઠળ પુરુષને જાણે બીજાં લગ્ન કરવાની કુદરતી મંજૂરી મળી જતી હોય છે. સામે ચાલીને આવા 'બીજવર'ને પોતાની કુંવારી કન્યા પધરાવી દેનારાં માતા પિતાનો પણ ગ્રામીણ સમાજમાં તોટો નથી. ઝવેરચંદ મેઘાણીની નવલિકા 'વહુ અને ઘોડો' સમાજમાં સ્ત્રી માત્ર ભોગ્યા છે અને જયારે એની એ ક્ષમતા ગુમાવી દે છે ત્યારે એને ભદ્ર સમાજનો પુરુષ પણ માથામાંથી જૂ ફેંકી દેતો હોય એમ અળગી કરીને નવી 'બાયડી' સાથે ઘરસંસાર માંડે છે. આદિવાસી સમાજને તો ખુદ દેશનું બંધારણ જ એની 'પરંપરા' પાળવાની છૂટ આપે છે. હમણાં હમણાં એવા કિસ્સા અખબારોમાં અને ટીવી ચેનલોમાં ચમકે છે. આપણા પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી પરિણીત હોવા છતાં નિશા ગામેતી નામનાં મહિલા અગ્રણી સાથે પરણ્યા હતા. એમના મૂળ પત્ની ગજરાબેને કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. પણ આદિવાસી સમુદાયે 'હિંદુ' નથી એ પ્રકૃતિપૂજક સમાજ છે અને એને હિંદુ મેરેજ એકટ લાગુ પડતો નથી એવી જોગવાઈને ગ્રાહ્ય મળતાં ગજરાબેનની ફરિયાદ કચરાટોપલીમાં નાંખી દેવાયેલી. સ્ત્રી પ્રત્યેના પુરુષના યૌન સંબંધો વિશે દેશમાં સમાન કાયદો હોવો જોઈએ એને ઠેકાણે વચ્ચે ધર્મ અને પરંપરા જેવી બાબતોના હવાલા આપી નાગરિકોના મૂળભૂત અધિકારોના ભોગવટા સંદર્ભે પણ મુસ્લિમ-હિંદુ-આદિવાસી જેવા ભેદભાવ ચાલુ રાખ્યા હોય તો તે અન્યાયકર્તા જ લેખાવા જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુદ્દે હિંમતપૂર્વક પહેલ કરીને લાખો મુસ્લિમ મહિલાઓ પર ઉપકાર ચડાવ્યો છે. રાજીવ ગાંધીએ શાહબાનો કેસમાં અદાલતના આદેશની અવગણના કરીને બંધારણમાં ફેરફાર કરવાનું કાયરતાપૂર્ણ પગલું લઈ મુલ્લાં માનસને પોષવાનું કામ કર્યું હતું. એની વિરૂધ્ધ 'ત્રિપલ તલાક'ની પ્રથાને ગેરકાયેદસર ગણાવતો કાયદો પસાર કરવો એ ઘણું સાહસપૂર્ણ પગલું હતું. મોદીએ બહુમતીના બળે કહેવાતાં બિનસાંપ્રદાયિક પરિબળોને અવગણીને આ ઐતિહાસિક કદમ ઉઠાવ્યું હતું. વિપક્ષો ભલે એને હિંદુ બહુમતીને રાજી કરવાના રાજકીય હેતુસર લીધેલું પગલું માને, પરંતુ હકીકતમાં એ માનવતાનું જ કરુણામય કૃત્ય હતું. પાલનપુરની અદાલતમાં પોતાની સાથે અન્યાય કરનાર ભણેલા ગણેલા અને એક બાળકના બાપ એવા પતિ સામે દાદ માંગવાની હિંમત બદલ એ યુવતીને તથા એને હિંમત બંધાવનાર એનાં પિયરિયાંને પણ અભિનંદન ઘટે છે. સમાજ એની ઘૃણાસ્પદ પરંપરાઓને ત્યજીને મેઈનસ્ટ્રીમમાં આવે તે પણ એટલું જ જરૂરી છે. આ ચુકાદાને મુસ્લિમ સમાજે અંતઃકરણપૂર્વક આવકારવો જોઈએ અને હિંમતબાજ યુવતીનું જાહેર સન્માન કરી દાખલો બેસાડવો જોઈએ.

# તમે તો ત્રણેય લોકને તારો છો

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



જગદ્ગુરુ આદ્ય શંકરાચાર્ય (ઈ. ૭૮૮ થી ઈ. ૮૨૦)નું માત્ર અધ્યાત્મ



જ નહિ, સાહિત્યના ક્ષેત્રમાં પણ પ્રદાન છે. વૈશાખ સુદ પાંચમ શંકરાચાર્ય જયંતી છે. એમણે ૬૪ સ્તોત્રની રચના કરી છે. વૈશાખ સુદ સાતમ ગંગા સપ્તમી છે ત્યારે આ સ્તોત્રની નોંધ લેવાની થાય છે.

(૧) શ્રી ગંગાષ્ટક - આમાં આઠ શ્લોક છે.

(૨) શ્રી ગંગાસ્તોત્ર - આમાં ચૌદ શ્લોક છે.

આ બંનેમાંથી બીજું વધુ પ્રચલિત છે એનો સારાંશ અહીં આપ્યો છે.

હે દેવી સુરેશ્વરી ભગવતી ગંગા! તમે તો ત્રણેય લોકનો તારો છો. શંકરના મસ્તકે તમે વિહાર કરો છો. તમારા ચરણકમળોમાં જ મારી મતિ રહો. હે મા ભાગીરથી! તમારા જળના મહિમાને તો વેદો વખાણે છે. પરંતુ હું અજ્ઞાની છું હું એનો માર પામી શકતો નથી. તમે મને સાચવી લો. તમે શ્રી વિષ્ણુનાં ચરણોને પખાલ્યા છે તમે મારા પાપનો ભાર દૂર કરો. દયા કરો. મારા ભવસાગરને પાર કરી દો. તમારું નિર્મળ જળ કોઈ એકવાર પણ પી લે તો એ પરમપદને પામી લે છે. હે મા! જો કોઈ એક વાર પણ તારો ભકત થઈ જાય તો પછી તેની પાસે યમરાજ પણ ફરકતા નથી. તું પતિત પાવની છો. ભીષ્મની માતા છો. તારે કારણે ત્રણેય લોક ધન્ય થયા છે. તારો પ્રવાહ હીમશીલાઓને તોડતો હોય, તે રળિયામણું લાગે છે. (૧-૫)

તને કોઈ પ્રણામ કરે, તો તું એના શોક દૂર કરે છે અને કલ્પલતાની જેમ અને ફળ આપે છે. તું તો સમુદ્ર સાથે વિહાર કરે છે. હે મા! તારા પ્રવાહમાં કોઈ એકવાર પણ સ્નાન કરે પછી એને માતાની કૂખમાં પ્રવેશ કરવાનો નથી. હે જહનુની કન્યા! તારો મહિમા અપાર છે. હે ગંગા! તું નરકથી દૂર રાખે છે. મારા અપવિત્ર અંગો ઉપર તારા તંરગો પડે છે પછી એ પવિત્ર થઈ જાય છે. તારો જય હો! તને તો દેવરાજ ઈન્દ્ર પણ ચરણોમાં પ્રણામ કરે છે. તું આ સંસારનો શણગાર છો. મારી ગતિ તારા તરફ જ હોય, તું રોગ, શોક, સંતાપ, પાપ, કુમતિ આ બધું હરી લે. તારે કિનારે કોઈ રહેવા લાગે પછી એને વૈકુંઠ નિવાસ જ હોય. (૬-૧૦)

તારા જળમાં કાચબો થવું સારું, માછલી થવું સારું, તારી પાસે ખિસકોલી થવું સારું, પણ તારાથી દૂર રહેવાનું હોય તો રાજા પણ ન થવાય. હે સંસારસ્વામિની! તું પવિત્ર છો, ધન્ય છો.

આ ગંગાની સ્તુતિ છે, એનો જે કોઈ રોજે રોજ પાઠ કરે તેનો ચોકકસપણે જય છે. હૃદયમાં ગંગા તરફની ભકિત હોય પછી એને સુખ જ હોય, મોક્ષ જ હોય. આ સ્તોત્રની પદાવલિઓ મધુર છે, કોમળ છે, પરમ આનંદ આપનારી છે. આ 'ગંગાસ્તોત્ર' છે. એ ઈચ્છાઓને પુરી કરનાર છે. એ વાંચે, એને સુખ જ મળે.

આની રચના શંકરે કરી છે. આ ભગવાન શંકરનો સેવક છે. (૧૧-૧૪)

### દિન મહિમા

- આંતરરાષ્ટ્રીય ઉપવાસ દિવસ
- મોતીલાલ નેહરુની જન્મજયંતિ, સ્વતંત્રતા સેનાની
- નેશનલ સ્પેસ ડે - દર વર્ષે મે માસના પ્રથમ શુક્રવારે નેશનલ સ્પેસ ડે ઉજવાય છે.
- શ્રી આદ્ય જગદગુરૂ શંકરાચાર્ય જયંતિ

### આજનું ઔષધ

- કળથી ૫૦ ગ્રામ રાત્રે પલાળી રાખી સવારે મસળી ગાળીને પાણી સાથે રોજ સવારે પીવાથી પથરી મટે છે.

### ખડખડાટ

- સોનું : એવો કયો નંબર છે, જેનો ગુણાકાર કરવાથી આઇસક્રીમ મળે?
અરવિંદ : હેં!
સોનું : ૩ અને ૪
અરવિંદ : કેવી રીતે?
સોનું : ત્રણ ચોક બાર, ત્રણ ચોક બાર

### આજનો વોટ્સએપ

- પાંદડાએ ડાળીને પૂછ્યું કે તને ભાર લાગે છે મારો ડાળીએ હસીને કહ્યું કે જયાં ભાવ હોય ત્યાં ભાર શેનો...!

# ભારત રત્ન લતા મંગેશકર : શ્રધ્ધાંજલિ

કોકીલ કંઠી અને સ્વર-સૂરની દેવી અને સંગીત સામ્રાજ્ઞી પાશ્વ ગાયિકા (પ્લેબેક સીંગર) લતા મંગેશકરનું તાજેતરમાં તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ મુંબઈ સ્થિત બ્રિચ કેન્ડી હોસ્પિટલ ખાતે કોરોના-ન્યુમોનીયા, મલ્ટીપલ ઓર્ગન્સ ફેલ્યોરના કારણે ૯૨ વર્ષની વયે દેહાવસાન થયેલ હતું. લતાજીના અવસાન બદલ કેન્દ્ર સરકારે ૨ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરેલ હતો અને મુંબઈ ખાતે શિવાજી પાર્ક ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેઓના અગ્નિ સંસ્કાર થયા હતા. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હીથી સ્પેશીયલ મુંબઈ આવીને લતાજીના પાર્થિવ દેહને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૨૯ના રોજ મરાઠી પરિવારમાં જન્મેલા અને મહારાષ્ટ્રમાં ઉછરેલા સ્વર અને સૂરના આરાધક ભારત રત્ન અને જાદુઈ અવાજના ધની લતાજીએ દેશની લગભગ ૩૬ જેટલી ભાષાઓના ૩૦,૦૦૦ કરતા વધુ ગીતો ગાયેલા હતા. લતાજીએ મનોરમા-મધુબાલાથી શરૂ કરીને રાની મુખરજી અને પ્રિતી ઝીન્ટા સુધીની હીરોઈનના ગીતોને કંઠ આપ્યો હતો. દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુથી શરૂ કરીને અટલ બિહારી બાજપાઈ અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે લતાજી અંગત ઘરોબો ધરાવતા હતા.

પિતા દીનાનાથ મંગેશકર અને ગુજરાતી માતા શેવંતી (સુધામતી)ની ૪ પુત્રીઓ અને એક પુત્ર સહિત પાંચ સંતાનોમાં લતાજી સૌથી મોટા હતા. લતાજીના માતા ગુજરાતી હોવાના કારણસર તેઓ અડધા ગુજરાતી હતા. તેઓ આજીવન અવિવાહિત રહ્યા હતા. પરંતુ સમગ્ર ભારત દેશ તેઓનો પરિવાર હતો. લતાજીનું બાળપણનું નામ કે મૂળનામ હેમા હતું પરંતુ 'ભાવ બંધન' નાટકના લતિકા પાત્ર ઉપરથી તેઓના પિતાએ તેઓનું નામ લતા રાખ્યું હતું. ગોવાના 'મંગેશી' પિતૃક ગામ ઉપરથી લતાજીના પરિવારની અટક મંગેશકર રખાઈ હતી. લતાજીએ ૧૯૪૪માં માત્ર ૧૧ વર્ષની નાની વયે પિતાની છત્રછાયા ગુમાવી હતી. પરિણામ સ્વરૂપ લતાજી ઉપર પોતાના ૪ બહેનો-ભાઈની જવાબદારી તેઓના શિરે આવી હતી. લતાજીની અન્ય ત્રણ બહેનો આશા ભોંસલે, ઉષા મંગેશકર અને મીના મંગેશકરને પણ પાશ્વ ગાયિકા તરીકે આપણે સૌ જાણીએ છીએ. મરાઠી અને કોંકણી સંગીતકાર, ગાયક અને નાટ્યકાર પિતા દીનાનાથની પુત્રી લતાજીએ પોતાની આઠ દાયકાની સંગીત જીવનની યાત્રા દરમ્યાન માત્ર પાંચ વર્ષની વયે સંગીતની શિક્ષા લીધી હતી અને ૧૩ વર્ષની વયે પ્રથમ ગીત ગાઈને ગાયિકા તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી પરંતુ ૧૯૪૮માં મ્યુઝિક ડાયરેક્ટર શશધર મુખરજીએ લતાજીને 'શહીદ' ફિલ્મ માટે પાતળો અવાજના કારણસર રિજેક્ટ કર્યા હતા. પરંતુ ૧૯૪૯માં લતાજીએ ૨૦ વર્ષની વયે હિન્દી ફિલ્મ 'મહલ'ના ''આયેગા આનેવાલા આયેગા...'' ગાયેલ ગીત સુપર હીટ ગયું હતું. ત્યાર પછીથી કદી પાશ્વ ગાયિકા તરીકે પાછુ વળીને જોયું ન હતું. લતાજીને કેન્દ્ર સરકાર દ્વારા પદ્મ ભૂષણ (૧૯૬૯), પદ્મ વિભૂષણ (૧૯૯૯) અને ભારત રત્ન (૨૦૦૧) એવોર્ડ અનાયત થયેલ હતા. દાદા સાહેબ ફાળકે એવોર્ડ, લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ, ત્રણ વાર ફિલ્મફેર એવોર્ડ, રાજીવ ગાંધી રાષ્ટ્રીય સદભાવના પુરસ્કાર તેમજ મહારાષ્ટ્ર ભૂષણ (૧૯૯૯) જેવા અનેક એવોર્ડ એનાયત થયેલા હતા. ફ્રાન્સ સરકારે પણ લતાજીને ફ્રાન્સનો સર્વોચ્ચ એવોર્ડ પણ આપેલ હતો, તેમજ સૌથી વધુ ગીતો ગાવા બદલ લતાજીને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મળેલ હતું. સૂર સામ્રાજ્ઞી લતાજીએ લંડન (બ્રિટન)ના વિશ્વ પ્રસિદ્ધ રોયલ આલ્બર્ટ હોલમાં ૧૯૭૪માં મ્યુઝિક પ્રોગ્રામ આપ્યો હતો. કાર્યક્રમ સમાપ્ત થયા બાદ ૩ મિનિટ સુધી લતાજીને સ્ટેન્ડીંગ ઓવેશન મળેલ હતું. આ બાબત લતાજી માટે જ નહીં પરંતુ ભારત દેશ માટે ગૌરવની બાબત છે. ગુજરાતની વડોદરા સ્થિત એમ.એસ. યુનિવર્સિટી સહિત છ જેટલી યુનિવર્સિટીઓએ લતાજીને ડી-લીટની માનદ્ ડીગ્રી એનાયત કરેલ હતી. ૧૯૫૯માં જગપ્રસિદ્ધ 'ટાઈમ' મેગેઝિને લતાજીને વોઈસ કવીન તરીકે જાહેર કર્યા હતા. લતાજીની વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૫ દરમ્યાન રાષ્ટ્રપતિ દ્વારા રાજયસભામાં નોમીનેટેડ મેમ્બર તરીકે નિમણૂંક થયેલ હતી.



સંગીત જગતના ગુરુ શિખર સમાન લતાજીના અવસાન બાદ ભારતના પડોશી દેશો જેવા કે પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, માલદીવ વગેરે ભારતીય ઉપખંડના દેશોએ શોકની લાગણી વ્યક્ત કરીને શ્રદ્ધાંજલિ આપેલ હતી. અમેરિકા અને યુ.એન.ના વર્તમાન મહા સચિવ એન્ટોનિયો ગુટરસે પણ શ્રદ્ધાંજલિ આપેલ હતી.

ભારત-ચીન યુદ્ધ (૧૯૬૨) પછી ૧૯૬૩માં નવી દિલ્હી ખાતે ગણતંત્ર દિને લતાજીએ દેશના ચીન સામેના યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ રૂપે કવિ પ્રદિપજી લિખિત ''યે મેરે વતન કે લોગો...'' ગેરફિલ્મી ગીત ગાયેલ, જેનાથી દેશના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ સહિત સમગ્ર દેશવાસીઓની આંખો ભીની થઈ ગઈ હતી, રડી પડ્યા હતા. ૧૯૮૩માં ભારતે પ્રથમવાર ક્રિકેટનો વર્લ્ડકેપ જીત્યો ત્યારે વિજેતા ભારતીય ક્રિકેટ ટીમને પુરસ્કાર આપવા માટે બીસીસીઆઈ પાસે પૈસા ન હતા. તેથી નવી દિલ્હી ખાતે નેશનલ સ્ટેડીયમમાં લતાજીએ એક મ્યુઝિક કાર્યક્રમ યોજીને નાણાં એકત્ર કરીને બીસીસીઆઈને આપતા બોર્ડે દરેક ક્રિકેટરને એક એક લાખ રોકડ ઈનામ આપ્યું હતું. આ હતી લતાજીની ક્રિકેટ અને દેશ પ્રત્યેની ચાહના...

લતાજીના અવસાન બદલ, રાજયસભા અને લોકસભા એમ સંસદના બન્ને ગૃહોએ તા. ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ બન્ને ગૃહોની કાર્યવાહી (બેઠક) એક-એક કલાક મોકુફ (સ્થગિત) રાખીને દંત કથારૂપ વિરાટ પ્રતિભા લતાજીને શ્રદ્ધાંજલિ આપેલ હતી.

કેન્દ્ર સરકારે ભારતીય સંગીતના કર્ણધાર લતાજીની યાદમાં ટપાલ ટિકીટ જાહેર કરવાનો નિર્ણય લીધેલ છે તેમજ મધ્યપ્રદેશ સરકારે લતાજીની યાદમાં તેઓના જન્મ શહેર ઈન્દોરમાં મ્યુઝિક એકેડમી તેમજ મ્યુઝિક મ્યુઝિયમની સ્થાપના કરવાનો નિર્ણય લીધેલ છે તેમજ મહારાષ્ટ્ર સરકારે લતાજીની યાદમાં રાજયમાં આંતરરાષ્ટ્રીય સંગીત યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય લીધેલ છે.

સૂર અને શબ્દના માલિક લતાજીએ 'બાપા સીતારામ' ગુજરાતી ફિલ્મમાં ગાંધીજીના પ્રિય ભજન ''વૈષ્ણવ જન તો તેને કહીએ...'' ગાયું હતું તેમજ 'મહેંદી તે વાવી માંડવે,...' 'પાંદડું લીલું ને રંગ રાતો..., 'હંસલા હાલોને....' 'તને સાચવે પાર્વતી અખંડ સૌભાગ્યવતી...' જેવા અનેક ગુજરાતી ગીતો પણ લતાજીએ ગાયેલ છે તેમજ ગુજરાતી ગરબા પણ ગાયેલા છે. હિન્દી ફિલ્મી ગીતો ઉપરાંત લતાજીએ હિન્દી ફિલ્મી ગીતો સાથો સાથ ભજનો અને કવાલીઓ પણ ગાયેલ છે. જ્યોતિ કળશ છલકે, અલ્લાહ તેરો નામ, ઈશ્વર તેરો નામ જેવા હૃદયસ્પર્શી ગીતો ગાનાર સંગીતની દેવી, કંઠની કોકીલા પરમ આદરણીય લતા મંગેશકરે વર્ષ ૨૦૧૯માં ''સોગંદ મુઝે ઈસ મિટ્ટી કી...' છેલ્લું ગીત ગાયેલ હતું. જે આજે પણ સમગ્ર ભારતમાં ભારતવાસીઓના હૃદયમાં ગૂંજી રહ્યું છે.

ઈશ્વરની ભારત દેશને સૌથી મોટી ગીફ્ટ સમાન લતાજીના અવસાનથી ભારતીય સંગીતનો એક સ્વર્ણિમ યુગ સમાપ્ત થઈ ગયેલ છે. સ્વરનો સુરજ આથમી ગયેલ છે. વિશ્વભરમાં લતાજીનો અવાજ જ તેઓની ઓળખ-પહેચાન હતી. એક સુરજ, એક ચાંદની માફક લતાજી એક અને અનન્ય હતા. સંગીત ક્ષેત્રના લીજેન્ડરી વ્યક્તિ કે જેઓ માટે ગાવું એ જ જીવન હતું. લતાજી અમર રહેશે તે જ રીતે યુગો યુગો સુધી લતાજીનો અવાજ પણ અમર રહેશે. સદીઓમાં લતાજી જેવી વિરાટ પ્રતિભા એક જ વાર જન્મે છે, ભાગ્યે જ જન્મે છે. સંગીતના ક્ષેત્રે તેઓ સંસ્થા (ઈન્સ્ટીટ્યુટશન) હતા. લતાજીના કંઠમાં મા સરસ્વતી વસેલા હતા અને તેઓ સ્વયં સૂર મંદિર હતા. ગુજરાતના ૬.૫ કરોડ ગુજરાતીઓ સહિત સમગ્ર દેશ અને દુનિયાએ લતાજીના અવસાનથી એક ઊંડા દુઃખની લાગણી અનુભવી હતી. દેશની બેટી, પનોતી પુત્રી અને નારી રત્ન-અમૂલ્ય રત્ન એવી ઉચ્ચતમ કોટિની વિશ્વ પ્રતિભાને શત શત નમન શ્રદ્ધાંજલિ.

- ડી. ડી. કાતરીયા

# હાઉ ટુ બી પોઝિટિવ ઈન ગરમી એન્ડ મોંઘવારી ?

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**



''મનુભાઈ, ઘરમાં છો કે નથી ?''

એવી એમની રાબેતા મુજબના પ્રશ્નથી હાઈ વોલ્યુમ પીપ...પીપ વગાડતા લાલાકાકાએ અમારે ત્યાં 'એટેક' કર્યો.

'હા... અંકલ, ઘરમાં જ છું..

આવી ગરમીમાં જાયે તો જાયે કહાં ?'' કહેતાં અમે બહાર ઓટલે આવી રેડ અંકલને આવકાર્યા. એમને હિંચકે બેસાડી, સીલિંગ ફેન ઓન કરી, સામે ખુરસીમાં અમે ગોઠવાયા.

''કેમ છો, મનુભાઈ ?''

''બસ, મજામાં...''

''સારૂ કહેવાય, હોં...'' અંકલે અમારો ટૂંકો જવાબ સાંભળી લાંબુ ચલાવ્યું :' તમે મજામાં છો એ સારૂ કહેવાય. બાકી આ કાળઝાળ ગરમી અને દહાડે ના વધે એટલી રાતે વધતી જતી મોંઘવારી વચ્ચે મજામાં રહેવા છપ્પનની છાતી જોઈએ, ભાઈ.''

''કાકા, આપણા સર્વોચ્ચ છપ્પનની છાતી ધરાવે છે પછી આપણે ય રાખવી જ પડે ને છપ્પનની છાતીવાળી હિંમત.. શું કહો છો, કાકા ?''

''કાકા, કશું કહેતા નથી.. કાકા તો થઈ ગયા છે વાંકા ?''

''કેમ એમ ?''

''અલ્યા ભાઈ, મોંઘવારી ને બધી ચીજોના જબરજસ્ત ભાવ વધારાના મારે કેડ જ ભાંગી નાખી છે તે વાંકા થઈ જ જવાય ને.''

''હોય... અંકલ, દુનિયામાં હમ આયે હૈ તો જીના હી પડેગા... જીવન હૈ અગર ઝહર તો પીના હી પડેગા...'' લાલાકાકાની વાસ્તવિક વાત સાંભળી, અમે ઉદાસ સ્વરે ને બેસૂરા સાદે ગીત લલકાર્યું.

એ સાંભળી ચીડાયેલા રેડ અંકલ ખરેખર રાતાપીળા થઈને ગજર્યા :

''મનુભાઈ, એ બધું ગીતોમાં ને પ્રવચનોમાં સારૂ લાગે.. વાસ્તવ જીવનમાં જીવવું કપરૂ ને દુષ્કર થઈ ગયું છે...''

''સાચી વાત, અંકલ..''

''ને મનુભાઈ, એમ ઝેર પીતા થઈ જઈશું તો જગતમાં બધાં નીલકંઠ કહેતાં શંકર ભગવાન બની જશે.''

ત્યાં રોજના ક્રમ મુજબ, આ રોજના મહેમાન માટે, શ્રીમતીજી ઠંડુ પાણી ને ગરમ ચા લઈને આવ્યાં.. તરત જ રેડ અંકલના ચહેરા ઉપરથી મોંઘવારીની પીડાની જગ્યાએ મફતિયા ચા નો આનંદ દેખાવા લાગ્યો.. એમણે ઘડી પહેલાંની બધી કડવી-દર્દીલી દુનિયાદારીની વાતો કોરાણે મૂકી, ચા પીવામાં સમગ્ર ધ્યાન કેન્દ્રિત કર્યું..

''કાકા, કેરીઓ ખાધી કે નહીં ?'' અમે અંકલને વાતનો વિષય આપવા પૂછ્યું..

''ખાવાની ક્યાં માંડો છો, મનુભાઈ...'' કહેતાં ખાલી કપ બાજુમાં મૂકી અંકલ પાછા મેદાને પડ્યા :'' ખાવાની વાત જવા દો, હજી કેરીઓ જોઈ એ નથી આ સીઝનમાં !! અને આ વર્ષે એના ઊંચા ભાવ જોતાં લાગે છે કે કેરીઓનાં કદાચ 'દૂરદર્શન'થી જ સંતોષ માનવો પડશે.'' કહી અંકલે અખબાર ઉપાડ્યું.

''અંકલ, એમ સાવ નિરાશ ના થઈ જાવ. બી પોઝિટિવ...''

''એ પોઝિટિવ'' કાકાએ પેપરમાં નજર રાખીને કહ્યું.. ''ના.., અંકલ, બી પોઝિટિવ.''

''અલ્યા ભાઈ એ પોઝિટિવ.. મારા બ્લડ ગ્રુપની મને ખબર ના હોય ? એ પોઝિટિવ છે.'' અખબારમાંથી મોં બહાર કાઢી કાકા બોલ્યા.

અમને ગોટાળો સમજાવ્યો. તેથી કહ્યું. ''એમ નહીં, કાકા. બ્લડગ્રુપની વાત નથી...''

''તો '' ''બી પોઝિટિવ એટલે હકારાત્મક અભિગમ રાખો એમ કહું છું..''

''અચ્છા... એટલે તમે ય મોટિવેશનલ સ્પીકર બની ગયા, એમને !'' લાલાકાકાએ કટાક્ષ કર્યો.

અમારે ખુલાસો કરવો પડ્યો કે 'એવું નથી.. આ તો જનરલ વાત કરૂ છું.. પોઝિટિવ એટીટ્યૂડ રાખીએ તો દુઃખ ઓછુ થાય, નિરાશાથી બચી શકાય, બીજું શું.''

''તે મનુભાઈ, આ તમારો અંકલ, પોઝિટિવ જ છે એટલે તો કહ્યું કે મોંઘાભાવની કેરીઓ ખાવા નહીં મળે તો જોઈને - 'દૂર દર્શન'થી રાજી રહીશું.'' ને પછી એમણે આગળ ચલાવ્યું : '' માણસ આથી વિશેષ કેવો પોઝિટિવ બની શકે, બોલો તો ?''

અંકલની આર્ગ્યુમેનમાં દમ તો હતો જ. અમે કહ્યું :

''યુ આર રાઈટ, અંકલ.. સાથે એવું હકારાત્મક વલણ કેળવવાનું કે આટલાં વર્ષો ઘણી કેરીઓ ખાધી, આ વર્ષે ઈશ્વરની આવી ઈચ્છા હશે...''

''હા.. એમ તો પોઝિટિવ રહેવા એમ પણ મન મનાવી શકાય કે કેરીઓ ખાવાથી વકરતો ડાયાબિટિઝ કંટ્રોલમાં રહેશે, વજન વધશે નહીં...

રસ ખાઈને ચઢતી આવી ચુસ્તીથી બચી શકીશું ને સૌથી મોટો ફાયદો બચત થશે.. છું ને એકદમ પોઝિટિવ, મનુભાઈ ?''

''હા.. અંકલ, બાકી કેમ છે ?''

''બસ મજા છે.. એટલે કે કોઈ પૂછે કે કેમ છો તો જવાબ હોય કે મોજમાં.. એવી જ મજા, હોં. અન્યથા તો કાતિલ ગરમી ને કમર તોડ મોંઘવારીમાં સૌની મજાની નીકળી ગઈ છે હવા !!''

એમ કહીને અંકલ ઊઠ્યા : ''આવજો, મનુભાઈ...'' ને પછી ઓટલો ઉતરતાં કંઈક યાદ આવ્યું હોય એમ ઊભા રહી, પાછા ફરીને બોલ્યા :'' તમે કેરી લાવો તો મને ને તમારી અંકલી... સોરી કાકીને રસ-રોટલી જમવા બોલાવવા જેટલા પોઝિટિવ તમે થશોને ?''